## વાત ગાંધીનગરની

શહેરમાં સરકારી કચેરીઓ અને બેન્કોમાં રજા હોવાથી વાતાવરણ શાંત લાગતુ હતુ. માર્ગો ઉપર અવર-જવર રોજના પ્રમાણમાં નહીવત હતી છતાં નાની-મોટી હલચલ વરતાતી હતી. કમલમ્‌માં ઉજવાયેલ પ્રવેશોત્સવ અને શાળા-કોલેજોમાં સંતાનો માટે પ્રવેશની દોડધામમાં અટવાયેલા વાલીઓની અવરજવર માત્ર ને માત્ર હતી.

**કમલમ્‌માં ફીક્કોફસ પ્રવેશોત્સવ**

કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ રહેલા પાંચ પૂર્વ ધારાસભ્યોને વિધિવત પ્રવેશ આપવાનો કાર્યક્રમ ખુબ જ ફિક્કો અને નિરૂત્સાહી લાગતો તો. ભારતમાતાની જય કે વંદે માતરમના જયઘોષમાં પણ કોઈ ઉત્સાહ કે હોંશ દેખાતો નહોતો. કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાનારા પૂર્વ ધારાસભ્ય અક્ષય પટેલ અને જે.વી. કાકડીયાએ બોલવામાં ભાંગરો વાટતા હાસ્યાસ્પદ બન્યા હતા.

**સરકારી અધિકારીઓની ચીવટતા ઘણું શીખવે છે**

સચિવાલય અને સંલગ્ન કચેરીઓમાં દરરોજ એકાદ મિટિંગ તો દરેક ઓફિસમાં યોજાતી જ હોય છે. આ મીટીંગમાં હાજરી આપતા અધિકારીઓ ખુબ જ ચોકસાઈ રાખે છે. બારણુ ખોલવાથી લઈ ખુરશી ઉપર બેસવા સુધીની કે પેન પેન્શિલ કે ફાઈલ પડવાની વાતમાં ખુબ જ ચોકસાઈપૂર્વક વર્તણુંક કરતા હોય છે જે ઉડીને આંખે વળગે છે. દરેક અધિકારી સેનિટાઈઝર પોતાની સાથે જ રાખે છે. ખુરશી પર બેસતાં પહેલા કે ફાઈલ પકડતાં પહેલાં ચોકસાઈપૂર્વક સેનીટાઈઝર કરવાનુ ક્યારેય ભુલતા નથી અને એ સારી બાબત છે. કોરોના સામેની લડાઈમાં સરકારી કે બિનસરકારી કચેરીમાં કાર્યરત કર્મચારીઓએ આવી અને આટલી ચોકસાઈ રાખવી જોઈએ.

**સારી શાળાઓમાં પ્રવેશ માટે વાલીઓની દોડધામ**

ભલે શાળાઓ ખુલવાની અનિશ્ચિતતા હોય. ફી ભરવાની બાબતમાં અસમંજસતા હોય છતાંય શહેરમાં સારી ગણાતી શાળાઓમાં પ્રવેશ માટે વાલીઓની દોડધામ ચાલે છે. સત્તા અને સબંધના માધ્યમથી વગ વાપરીને પોતાના સંતાનને શ્રેષ્ઠ શિક્ષણ આપવાના મનોભાવ સાથે વાલીઓ આજકાલ વ્યસ્ત રહે છે.

**રજાના દિવસે પણ બેઠકોનો ધમધમાટ**

સરકારી કચેરીઓ બંધ હોવા છતાં સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્વની ત્રણેક બેઠકો યોજી હતી. રાજ્યના ચારેય ઝોનના સંગઠનના પદાધિકારીઓ, સાંસદો અને ધારાસભ્યો માટે વર્ચુઅલ બેઠક યોજી હતી અને સંબંધિત વિસ્તારો અંગે સમીક્ષા કરી હતી. આ ઉપરાંત આત્મનિર્ભર યોજના અંગે ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ હતી અને મોડી સાંજે કોર કમિટીની બેઠક યોજાઈ હતી.

**શિક્ષણ જગતની ગૌરવ ઘટના**

કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પ્રમુખસ્વામી સાયન્સ કોલેજ કડી સમગ્ર દેશમાં પ્રથમ નંબરની કોલેજ જાહેર થતાં શિક્ષણજગતમાં આનંદની લાગણી પ્રસરી હતી. ઈન્ડિયાટુડે દ્વારા કરાયેલા સર્વેમાં એમજી સાયન્સ અને સેન્ટ ઝેવિયર્સ કોલેજ કરતાં પણ વધુ ગુણ પ્રાપ્ત થયા હતા.

**અને છેલ્લે...**

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી બાદ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કોરોના પોઝિટિવ આવતા રાજકીય આગેવાનોમાં ફફડાટ વધી જવા પામ્યો છે...

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન વધુ ૧ નું મોત : ગાંધીનગરમાંથી ૪, કલોલમાંથી ૩ અને માણસામાં ૧ કેસ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૮ કેસ કોરોના પોઝીટીવ આવ્યા છે. આજે વધુ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સારવાર દરમ્યાન આજે દહેગામના એક ૪૮ વર્ષીય પુરૂષનું અવસાન થયુ છે. આ દર્દી તા. ૧૪ મીથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા ૩ દિવસથી આ દર્દી વેન્ટીલેટર પર હતુ અને ગઈકાલે મોડી રાત્રે તેનુ અવસાન થયુ હતુ. દહેગામમાં આ સાથે મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૩૫ પર પહોંચી છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લાતંત્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે. આ ઉપરાંત કોરોના સામે જન જાગૃતિ અભિયાન પણ સઘન કર્યુ છે.

મળતી વિગતો પ્રમાણે માણસામાં ૧, ગાંધીનગર ગ્રામ્યમાં ૪ અને કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકાના ચિલોડા, વાવોલ, પેથાપુર અને ભાટમાંથી આજે કેસો મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### કલોલની ખાનગી લેબોરેટરીને તંત્રએ નોટીસ પાઠવી

કલોલની એક ખાનગી લેબોરેટરીને આજે તપાસ દરમ્યાન કોવિડ-૧૯ ના ટેસ્ટ માટેની જરૂરી સુવિધાનો અભાવ જણાતાં તાલુકા આરોગ્યતંત્રએ નોટીસ ફટકારી છે.

મળતી વિગતો પ્રમાણે તાલુકા આરોગ્ય અધિકારીની ટીમ દ્વારા આ લેબોરેટરીમાં તપાસની કામગીરી હાથ ધરાઈ હતી અને ઘણી બધી ક્ષતિઓ જણાતાં તાત્કાલિક આ અંગે નોટીસ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આજે કલોલમાં સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોવાને કારણે બે દુકાનો પણ તંત્ર દ્વારા સીલ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં વધુ ૪ કેસ

**બોરીજ, સે. ૫-બી, સે. ૩-બી અને સે. ૬-બીમાંથી કેસો મળ્યા : શહેરમાં ૨૭૩ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૫ પર પહોંચી છે.

શહેરમાં આજે બોરીજ, સે. ૫-બી, સે. ૬-બી અને સે. ૩-બી માંથી આ કેસો મળી આવ્યા છે. આજે મળેલા આ કેસોમાંથી બે દર્દીને ખાનગી હોસ્પિટલમાં અને બે ને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા ૪ દર્દીઓ પુરૂષ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર બોરીજમાંથી એક ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાન સેટલમેન્ટ કમિશનરની કચેરીમાં વર્ગ-૪ માં સેવાઓ આપે છે. તંત્રએ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો છે. આ યુવાનના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## શંકરસિંહ વાઘેલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

**મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ ફોન કરી ખબર-અંતર પુછ્યા**



ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાજકારણમાં સતત સક્રિય એવા શંકરસિંહ વાઘેલાએ તાજેતરમાં જ એન.સી.પી.માંથી રાજીનામુ આપ્યુ છે. વાઘેલાએ અમદાવાદ સિવિલ હોસ્પિટલની પણ કોરોનાને લઈ મુલાકાત લીધી હતી અને ત્યાં જઈ કર્મચારીઓની વેદના પણ સાંભળી હતી.

વાઘેલા હાલ તો તેમના નિવાસસ્થાન વસંતવગડા ખાતે હોમ આઈસોલેશનમાં છે. જો કે આ પછી જરૂર પડ્યે તબીબોની સલાહ અને માર્ગદર્શન મુજબ આગળ વધવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે શંકરસિંહજી વાઘેલાને છેલ્લા બે દિવસથી તાવ હતો. આજે આ અંગે તપાસ કરાવાતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

શંકરસિંહજી વાઘેલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યાની જાણ મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે તેમને ટેલિફોન કરી અને તબિયત અંગે પૃચ્છા કરી હતી.

## શહેરના ગ-માર્ગ પર નવા વિજ થાંભલા નાંખવા માટે કામ હાથ ધરાયુ

**સેકટરોમાં સાડા ત્રણ દાયકા જુના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં : કેટલાક જોખમી સ્થિતિમાં : સર્વેના અંતે તબક્કાવાર નવા નાંખવામા આવશે**

ગાંધીનગર તા ૨૮

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ સાડા ત્રણ દાયકાથી પણ જુના છે. જયારે મોટાભાગના કટાયેલી અને કંગાળ હાલતમાં છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના કેટલાક પોલ નમી પડેલી અને ભયજનક હાલતમાં પણ જોવા મળી રહ્યા છે. ત્યારે તંત્રએ સર્વેના અંતે તબક્કવાર નવા વિજથાંભલા નાંખવાનુ આયોજન કર્યુ છે. નગરના ગ માર્ગ પર નવા પોલ નાંખવામાં આવી રહ્યા છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ ભયજનક વૃક્ષોની જેમ કેટલાક ઠેકાણે નમી પડેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. કટાયેલા અને કંગાળ ભાસતા થાંભલાઓનુ કલરકામ હાથ ધરાય તે પણ અનિવાર્ય છે. ત્યારે શહેરમાં નમી પડેલા તેમજ જોખમી થાંભલાઓની સંખ્યા પણ વિશેષ છે. વરસાદી દિવસો શરૂ થઈ ગયા છે ત્યારે તંત્રએ આ મામલે સર્વે હાથ ધરીને આ પ્રકારના વિજથાંભલા દુર કરી નવા નાંખવા માટે પણ આયોજન હાથ ધરવાની અનિવાર્યતા છે. કેટલાક વિજથાંભલાઓ ના લેમ્પ પણ તુટીને લટકતા નજરે પડે છે. ત્યારે આ મામેલ જવાબદાર તંત્રના જણાંવ્યા મુજબ શહેરમા સાડા ત્રણ દાયકાથી પણ જુના થાંભલા છે જેથી તબક્કાવાર નવા થાંભલા નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના પોલ્સનુ કલરકામ પણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં સેકટર મુજબ આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ તો વરસાદી દિવસોમાં આ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. જયારે વર્ષો જુના સ્ટ્રીટ લાઈટના થાંભલા

● અનુસંધાન પાન-૭ પર

## ચોમાસાના ચાર મહિનામાં વરસાદના દિવસો હવે ઘટ્યા

ગાંધીનગર, તા.૨૭

ગ્લોબલ સ્તર પર તાપમાનમાં વધારો થતા તેની અસર ગુજરાતના હવામાનમાં પણ જોવા મળી રહી છે. ઋતુઓનો ચોક્કસ સમયગાળો બદલાય ગયો છે. ચોમાસાના ચાર મહિનામાં વરસાદના દિવસો હવે ઘટી ગયા છે. બીજી તરફ ક્લાઈમેટ ચેન્જના કારણે અમુક કલાકોમાં જ પૂરની સ્થિતિનું નિર્માણ કરી દે તેવો ભયંકર વરસાદ વરસી રહ્યો છે, તેમ ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના પ્રો.વિમલ મિશ્રાનું કહેવું છે. એમ.એસ.યુનિ. તેમજ ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ વિભાગ દ્વારા ‘ક્લાઈમેટ ચેન્જ અને કોવિડ ૧૯ જોખમનું મુલ્યાંકન’ વિષય પર વેબિનારનું આયોજન કરાયું હતું. જેમાં પ્રો.વિમલે કહ્યું કે માણસ કુદરતે આપેલા સ્ત્રોતોને પ્રદૂષિત કરી રહ્યો છે.પેટ્રોલ, ડિઝલ અને વીજળીનો વપરાશ વધી રહ્યો છે.

## શહેરના સેકટરોમાં ૯૭ ટકા સ્ટ્રીટ લાઈટના થાંભલા ચાલુ - તંત્રનો દાવો

**વરસાદી દિવસોમાં સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઇટો બંધ રહેતી હોવાની ફરિયાદો : લાઇનના ખોદકામના લીધે પણ કેબલ કટ ઓફથતા ફરિયાદો વધી હતી**

ગાંધીનગર તા ૨૮

શહેરના સેકટરોમાં થોડા સમય અગાઉ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પ્રબળ બની હતી. જયારે વરસાદી દિવસોમાં વારંવાર લાઈટના થાંભલા બંધ રહેતા હોવાનો આક્રોશ પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અંતે સરકારને સ્ટ્રીટ લાઈટના વિજબીલમાં પણ નોંધપાત્ર બચત થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સ્ટ્રીટ લાઈટની ફરિયાદો સંદર્ભે સતત ઓનલાઈન મોનિટરીંગ કરવામાં આવતુ હોવાનુ પણ તંત્રના અધિકારીઓ જણાવી રહ્યા છે. હાલની સ્થિતિએ શહેરમાં ૯૭ ટકા સ્ટ્રીટ લાઈટો કાર્યરત હોવાનુ પણ વિભાગના અધિકારીઓ જણાંવી રહ્યા છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. જયારે વરસાદી દિવસોમાં આ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવતા હોય છે. શહેરમાં હાલની સ્થિતિએ અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા છે. જયારે આ પૈકી દાયકાઓ જુના પણ થાંભલા પણ જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના બીલનો ખર્ચ ઘટાડવા માટે એલ ઈ ડી પ્રોજેકટ પણ અમલી બનાવાયો છે. જયારે એલ ઈ ડી પ્રોજેકટના લીધે વીજબીલમાં પણ રાહત મળી હોવાનુ તંત્ર જણાંવે છે. વર્ષો સુધી શહેરમાં સ્ટ્રીટ લાઈટની સુવિધાની જાળવણીનુ કામ ટોરેન્ટ પાવરે સંભાળ્યા બાદ એલ ઈ ડી પ્રોજેકટના અમલના અંતે છેલ્લા ત્રણ ચાર વર્ષથી સ્ટ્રીટ લાઈટની જાળવણી કેન્દ્રની એજન્સીને સોંપવામાં આવ્યુ છે. શહેરમાં હાલ વરસાદી ઋતુ શરૂ થઈ ગઈ છે. ત્યારે સેકટરોમાં લોકડાઉન દરમિયાન પણ સતત સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠવા પામી હતી. જો કે લોકડાઉનના અંતે સ્ટ્રીટ લાઈટની ફરિયાદો દુર કરવા માટે ટીમ કામે લાગી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે સ્ટ્રીટ લાઈટની ફરિયાદો સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે કેબલ કટ ઓફ થવાથી વધી હોવોનુ પણ સુત્રોએ જણાંવ્યુ હતુ. જો કે છેલ્લા ઘણાં દિવસોથી શહેરના સેકટરોમાં સાંજ ઢળતા જ લાઈટના થાંભલા જબુકતા હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. ઈલેક્ટ્રીક વિભાગના અધિકારી ગુપ્તાના જણાંવ્યા મુજબ શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર



હાથતાળી આપતો વરસાદ... ઘડીકમાં વાદળો તો ઘડીકમાં આકરો તડકો... એમાંય વળી ભયંકર બફારો... ગાંધીનગરાઓ છેલ્લા ઘણા દિવસોથી આ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે અને વારંવાર આકાશ સામે જોઈ વરસાદની પ્રતિક્ષા કરી રહ્યા છે. એકવાર ધોધમાર વરસીને છટકી ગયેલો વરસાદ હવે આ બાજુ જાણે ડોકાતો જ નથી. ચોમાસુ આગળ વધીને છેક દિલ્હી, બિહાર સુધી પહોંચી ગયુ છે પરંતુ ગુજરાત અને તેમાંય ગાંધીનગર-અમદાવાદ જેવા ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં તો વરસાદી વાદળો જ બંધાતા નથી. વાદળોની અવરજવર વચ્ચે બફારો અસહ્ય બનતો જાય છે.


હાર્દિક અભિનંદન



આગવી સુઝ અને કુનેહથી મક્કમ નિર્ધાર સાથે
નવગુજરાતથી દિલ્હી સુધી જનાર જનનાયક
શ્રી નરહરિભાઈ અમીનને
રાજ્યસભામાં ચૂંટાવવા બદલ
અમારી હાર્દિક શુભેચ્છા
ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજ
ઉરેન પટેલ (ઉવારસદ) મહામંત્રી
જસવંત એસ. પટેલ (જે.એસ.-ઉનાવા) પ્રમુખ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com